સંપર્ક : ૯૪૨૬૨ ૭૫૧૫૬

# છેલ્લા પડાવે...

પ્રિય સભ્ય મિત્રો... જય જિનેન્દ્ર...

મિત્રો ! જીવન એટલે જ સંઘર્ષ. સુખ, દુઃખોના છાયા-પડછાયાને પાર કરતા કરતા આજે જિંદગીના છેલ્લા પડાવે પહોંચતા પહોંચતા માત્ર આપણી પાસે રહી ગયેલા સંભારણાઓના ખજાનાને વાગોળવા વિત્યા વર્ષો ઉપર... વીતી ગયેલી ભૂતકાળની એક પગદંડી ઉપર જરૂર એક નજર નાંખી લેવાનું મન થાય. ૨૪-૧૨-૨૦૦૦ના રવિવારથી આપણે સૌ સાથે રહ્યા છીએ. કહો કે અમેરિકા નિવાસી સ્વ.શ્રી જયંતિલાલ પનજીભાઈ શાહના સૌજન્યથી યોજાયેલા સૌરાષ્ટ્ર સ્થા.જૈન ઝાલાવાડી સ્થાનકવાસી વિસા શ્રીમાળી સિનિયર સિટિઝન્સની 'સુંદરવન - વડીલોનો વિસામો'ની નગરશેઠને વંડે ૬૫ વર્ષની ઉંમરના ભાઈ-બહેનોનો એક મિલન સમારંભનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો.

આ મંગલ આનંદની સાથે સાથે ઉ.સૂત્ર શીખી રહેલા ૧૦મા અધ્યયનની - દ્રુમ પત્રકની પૂર્વભૂમિકા લખીને... જીવનની ક્ષણભંગુરતાને તાદૃશ્ય કરાવી જનાર શ્રી રસિકભાઈ ગાંધીએ ભર મધ્યાન્હે... કોઈ પણ પ્રકારની પીડા ભોગવ્યા વગર પણ પાછળનાને વિયોગની પીડા આપીને એકાએક વીજળી વેગે દેહ છોડ્યો. વીસ વર્ષ વીતી ગયા... સંભારણા રહી ગયા.

સાથે સાથે આપણા જૈન ઝાલાવાડી વિ.શ્રી સ્થા.સિ.સિ. ગ્રુપના પગરણ મંડાયા. સરળ સ્વભાવી એવા શ્રી કાંતિભાઈ સલોતના પ્રમુખપદે ઉપપ્રમુખ પ્રવિણા ગાંધી, મંત્રીશ્રી હર્ષદભાઈ સંઘવી, સહમંત્રી શ્રી અશોક ગાંધી, ખજાનચી શ્રી કિરીટભાઈ શાહ, સહ ખજાનચી શ્રી હરિભાઈ સલોત, માનદ્ માર્ગદર્શક અને સલાહકાર શ્રી જયંતિભાઈ ત્રિકમલાલ સંઘવી (કોબાવાળા) અને કમિટી સભ્યો સર્વ શ્રી વસંતભાઈ, વિક્રમભાઈ, જયાબહેન સલોત, પ્રવિણભાઈ ગાંધી, રજનીભાઈ ગોપાણી, માનદ્ મંત્રી શ્રી શાંતિભાઈ સંઘવી, સહ તંત્રી શ્રી પ્રવિણા ગાંધી... વ.ના કૂચ-કદમે 'સુંદરવન'ની સુંદરતા વધતી રહી.

ત્યાં અચાનક તા.૩૦-૬-૨૦૦૫ના રોજ ગુરુવારે પ્રમુખશ્રી કાંતિભાઈ સલોતનું દુઃખદ અવસાન થયું. ભક્તિ સંગીત દ્વારા ગુજરાત વિદ્યાપીઠમાં તેમનો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો.

ત્યારબાદ શ્રી અરવિંદભાઈ સંઘવી (પૂર્વીય નાણાપ્રધાન તેમજ શિક્ષણપ્રધાન)ને સુંદરવનની નેતાગીરી સોંપવામાં આવી. કોઈપણ વ્યક્તિ 'સુંદરવન'માં સરળતાથી પ્રવેશ મેળવી તેમાં આનંદસભર ભાગ લઈ શકે એ હેતુથી એકદમ નજીવા લવાજમ લઈને પણ સુંદર કાર્યક્રમો - મનહર ઉધાસના રાજપથ કલબમાં ભોજન સાથે, એવી રીતે કર્ણાવતી કલબમાં શ્રી શાહબુદ્દીન રાઠોડના આપણે કાર્યક્રમો યોજી શક્યા. વ.કાર્યક્રમો, નાટકો, પીક્ચર, વ.સભ્યોને મુશ્કેલી ન પડે તે રીતે ઝીણવટ અને ચીવટ રાખી યોજીને 'સુંદરવન'ને ઉચ્ચતમ સ્તરે પહોંચાડ્યું. કાર્યક્રમો : બહારગામ : મુંબઈ, લોનાવાલા, પંચગીની, મહાબળેશ્વર, પૂના, કાત્રજ, ગોવા, હૈદ્રાબાદ, રાજસ્થાન, દિલ્હી વ. સ્થળોએ તેમજ પીકનીક તેમજ પતંગ-વિશાલા જેવી હોટેલોમાં ભોજન, ગીત, સંગીત વ.ના ભોજન સાથેના કાર્યક્રમો તેમજ વાર્ષિક સમારંભોમાં વિદ્વાનોના વક્તવ્યો અને સમાજના શ્રેષ્ઠિ મહાનુભાવોને આમંત્રણ આપવામાં આવે છે.

ખાસ તો : આ બધા કાર્યક્રમોમાં સૌથી પ્રથમ હંમેશા માનતા આવ્યા છીએ તેમ સર્વે સભ્યોનો, કમિટિ મેમ્બર્સનો અને સમગ્ર સમાજનો પ્રેમ, સાથ અને સહકાર માણ્યો છે તે ક્યારેય ભૂલાશે નહીં. કમિટી મેમ્બર્સમાં શોભાસ્પદ પદ ધરાવનાર સર્વ શ્રી શાંતિભાઈ સંઘવી, મહેશભાઈ સખીદાસ અને અત્યંત સાલસ અને સરળ સ્વભાવી પ્રમુખ શ્રી અરવિંદભાઈ સંઘવી - જેમના નામ માત્રથી સુંદરવનની શોભા વધી જતી, કામ સરળ બનતું એવા આ ત્રણેય મહાનુભાવો જતા રહ્યા. તેમની સુંદરવનને ખૂબ મોટી ખોટ પડી ગઈ... ભૂલી ન જવાય તો... અત્યારે કમિટી મેમ્બરમાં : ઉપપ્રમુખ : પ્રવિણા ગાંધી, મંત્રી : અશોક ગાંધી તથા સર્વશ્રી હરિભાઈ સલોત, કિરીટભાઈ શાહ (જેમણે રાજીનામું આપેલું છે) પણ અમે કોઈ તેમને છોડવા રાજી નથી અને તેમની મદદ લઈએ છીએ. વસંતભાઈ શાહ, જીતેન્દ્રભાઈ સંઘવી, રાજેન્દ્રભાઈ શાહ, ચંદ્રકાન્તભાઈ સલોત છે. અત્યારે કમિટીને વિસ્તારવી છે. જો કોઈ સ્વેચ્છાએ જોડાવા તૈયાર થાય તો તે આવકાર્ય છે.

શ્રી નટુભાઈ સોમાણી ઓડિટર તરીકે સેવા આપે છે. શ્રી મયંકભાઈનું ટુર-ઓર્ગેનાઈઝર તેમજ તેમનું કેટરીંગ હંમેશા પ્રેમસભર રહ્યું છે. પંકજભાઈ હરિલાલ શાહ તેમજ મનિષભાઈ કિરીટભાઈ શાહનો રેલ્વે તેમજ એર બુકીંગ માટે તેમણે હંમેશા સહકાર આપ્યો છે. મુકેશભાઈ ડ્રાઈવરે સંસ્થાના કોઈપણ કામ માટે દોડાદોડી હંમેશ માટે કરી છે.

મુંબઈ જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન (દેશ-વિદેશમાં જૈનોના ચારેય ફિરકાઓને એકત્ર કરનારી - ૬૦,૦૦૦થી વધુ સંખ્યાબળ)ના પ્રમુખપદ ધરાવનાર શ્રી પંકજભાઈ વસંતલાલ સંઘવી - જેમણે મને એક બહેન ગણી લોનાવાલા, પંચગીનીના આખા સેનેટોરિયમનું બુકીંગ કરી આપવા બદલ, શ્રી હસમુખભાઈ કલોલવાળા, વાલ્કેશ્વર ઉપાશ્રયના કમિટી મેમ્બર્સ, અહીં જયનિફાર્મ વિનામૂલ્યે શ્રી હિતેનભાઈ પટેલે વર્ષોવર્ષ આપવા બદલ, પતંગ હોટલ, આપણા સમાજના કલાકારો, મહાનુભાવો વ.ને 'સુંદરવન'ને ઘણઈ ઉપકૃત કરી છે. કેમ ભૂલાય ! સમાજના પ્રમુખ શ્રી ઉમેશભાઈ દોશીએ 'સમાજ આરસી'માં હંમેશા આપણને ચોક્કસ સ્થાન આપી આપણને ઉપકૃત કર્યા છે. કમિટીના સભ્યના સૂચનથી આપણે કાર્યકર તરીકે શ્રી જીતેન્દ્રભાઈ શાહને રાખેલ હતા. તેમને પોતાને જ કાર્યકર તરીકે સેવા આપવી હતી. કમિટીમાં આવવાની તેમને ઈચ્છા ન હતી અને ખરે જ તેમણે અને શ્રી તેજસ ગજ્જરે મળીને (કમિટીના મેમ્બરના સૂચનથી તેમને રાખેલ હતા) કાર્યક્રમોનું બહુ જ વ્યવસ્થિત પ્રસંશનીય રીતે કામ કર્યું. વ્યક્તિગત રીતે બધાની હું ખૂબ જ આભારી છું. કોરોનામાં આપણે ઘણા સભ્યો તેમજ સગાવ્હાલા, સ્નેહીજનો, આત્મીયજનોનાં દુઃખદ અવસાન થયેલ છે. હજુ પણ એ આઘાતમાંથી બહાર અવાતું નથી.

શ્રદ્ધાંજલિ : આપણા એક સભ્ય શ્રીમતી તારાબહેન નટવરલાલ માથકિયાનું ટુંકી માંદગીમાં ૮૫ વર્ષની ઉંમરે અવસાન થયેલ છે. તેમણે દેહદાન, ચક્ષુદાન તથા સંથારા સહિત અંતિમ વિદાય લીધી. જરૂર તેમના આત્માને શાંતિ મળશે જ.

ક્ષમા કરશો.

અવસરે ડેથ-બેનીફિટ ચેક ચૂકવીશું.

ઉપપ્રમુખ : પ્રવીણા ગાંધી મંત્રી : અશોક ગાંધી તેમજ સર્વે કમિટી સભ્યો વતી



જે ભવિષ્યનો ભય નથી રાખતો તે જ વર્તમાનનો આનંદ માણી શકે છે.

# માસ્ટર કાઓ

એક વ્યક્તિએ વેપારમાં ઉન્નતિ થયા બાદ લંડનમાં જમીન લીધી ને સરસ બંગલો બનાવ્યો.

જમીન પર પહેલેથી જ એક સરસ સ્વિમિંગ પુલ અને ૧૦૦ વરસ જૂનું લિચીનું ઝાડ હતું.

એ જગ્યા એમણે એ લિચીના ઝાડને કારણે જ લીધેલી, કારણ કે એની પત્નીને લિચી ખૂબ જ પ્રિય હતી.

કેટલાક સમય પછી એમને રીનોવેશનનું કામ કરવા ધાર્યું ત્યારે એમના મિત્રોએ સલાહ આપી કે એણે કોઈ વાસ્તુશાસ્ત્રીની સલાહ લેવી જોઈએ.

જો કે એને આવી કોઈ વાત પર વિશ્વાસ નહોતો પણ મિત્રોનું મન રાખવા એ માની ગયા અને હોંગકોંગના ૩૦ વરસથી વાસ્તુશાસ્ત્રમાં પ્રસિદ્ધ માસ્ટર કાઓને બોલાવી લીધા.

એમને એરપોર્ટથી લીધા. બંને શહેરમાં જમ્યા અને પછી એમને પોતાની કારમાં પોતાને ઘેર લાવવા નીકળ્યા.

રસ્તામાં કોઈપણ કાર એમને ઓવરટેક કરવાની કોશિશ કરે એ એને રસ્તો આપી દેતા.

માસ્ટર કાઓએ હસતા હસતા કહ્યું તમે ખૂબ સેફ ડ્રાઈવીંગ કરો છો. એણે પણ હસતા હસતા જ કીધું કે લોકો હંમેશા ઓવરટેક ત્યારે જ કરે છે જ્યારે તેમને કોઈ અનિવાર્ય કાર્ય હોય, તો આપણે એમને રસ્તો આપવો જોઈએ.

ઘર સુધી પહોંચતા રસ્તો થોડો સાંકડો થઈ ગયો એટલે એણે કાર વધુ ધીમી કરી નાખી ત્યારે જ અચાનક એક નાનો છોકરો હસતો હસતો ગલીમાંથી નીકળી ખૂબ ઝડપથી દોડતો એમની કાર આગળથી જ રસ્તો ક્રોસ કરી જતો રહ્યો. એ એ જ ધીમી ગતિથી પેલી ગલી બાજુ જોતા રહ્યા. જેમ કે એને કોઈની રાહ હોય, ત્યાં અચાનક એ જ ગલીમાંથી બીજો એક છોકરો તેજ ગતિથી દોડતો એમની કાર પાસેથી નીકળી ગયો. કદાચ પેલા આગળના બાળકનો પીછો કરતા કરતા.

માસ્ટર કાઓએ હેરાની પૂછ્યું, તમને કેવી રીતે ખબર પડી કે બીજો છોકરો પણ દોડતો દોડતો નીકળશે ?

એણે બહુ સહજભાવે કીધું, બાળકો હંમેશા એકબીજાની પાછળ દોડતા રહેતા હોય છે અને એ વાત પર વિશ્વાસ કરવો જ અસંભવ છે કે કોઈ સાથીદાર વગર કોઈ બાળક આવી ધમાલ કે ભાગદોડ કરતું હોય.

માસ્ટર કાઓ આ વાત સાંભળી જોરથી હસ્યા અને બોલ્યા, તમે નિઃસંદેહ ખૂબ જ સમજદાર વ્યક્તિ છો.

ઘર સુધી પહોંચી બન્ને કારમાંથી ઉતર્યા ત્યાં અચાનક ઘરની પાછળથી ૭-૮ પક્ષીઓ એકદમ ઝડપથી ઉડતા જોવામાં આવ્યા. એ જોઈને એણે માસ્ટર કાઓને કીધું કે તમને ખરાબ ન લાગે તો આપણે થોડીવાર રોકાઈ જઈએ અહીં ?

માસ્ટર કાઓએ કારણ જાણવા માગ્યું તો એણે કહ્યું કે લગભગ કોઈ બાળકો ઝાડવા પરથી લિચી ચોરતા હશે ને અચાનક આપણને જોઈને ગભરાહટમાં ભાગદોડ કરશે કે ઝાડ પરથી પડી જશે તો કોઈ બિચારા બાળકને ઈજા થઈ જશે.

માસ્ટર કાઓ થોડો સમય ચૂપ રહ્યા પછી સંયમિત અવાજમાં બોલ્યા, મિત્ર, આ ઘર પર કોઈ જ વાસ્તુદોષ પણ નથી અને વાસ્તુદોષ નિવારણની કોઈ આવશ્યકતા પણ નથી.

એણે ખૂબ હેરાનીથી પૂછ્યું, કેમ ?

માસ્ટર કાઓ : જ્યાં તમારા જેવા વિવેકપૂર્ણ અને આસપાસના લોકોની ફક્ત ભલાઈ માટે જ વિચારતા લોકો રહેતા હોય, એ સ્થાન/સંપત્તિ વાસ્તુશાસ્ત્રના નિયમ પ્રમાણે ખૂબ જ પવિત્ર-સુખદાયી-ફળદાયી જ રહેશે.

જ્યારે આપણું મન અને મસ્તિષ્ક બીજાની ખુશી અને શાંતિને પ્રાથમિકતા આપવા લાગશે તો એનાથી બીજાને જ નહીં, આપણને પોતાને પણ માનસિક લાભ-શાંતિ-પ્રસન્નતા મળે છે.

જો કોઈ વ્યક્તિ કાયમ સ્વયંની પહેલા બીજાનું ભલું વિચારવા લાગે તો અજાણતા જ એને સંતત્વ પ્રાપ્ત થઈ જાય છે.

જેને કારણે બીજાનું ભલું પણ થતું જાય અને પોતાને જ્ઞાનબોધ મળે છે.

ભલે આપણે પ્રતિજ્ઞા ન કરીએ પરંતુ એવા પ્રયત્ન તો જરૂર કરીએ કે આપણામાં પણ કોઈ એવા ગુણ વિકસિત થઈ જાય, જેથી આપણા ઘરમાં પણ કોઈ પ્રકારના દોષની શાંતિ માટે મંત્ર તંત્રની આવશ્યકતા જ ન રહે.


મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે
દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

**ધનલક્ષ્મી સ્ટોર્સ**

ઈમિટેશન • કોસ્મેટિક્સ • હોઝિયરી
• બેંગલ્સ - બિંદી અને બ્રા - પેન્ટી

૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩. ફોન : (ઓ.) ૨૭૪૭૮૧૮૯

ભુપેન્દ્રભાઈ બારભાયા — મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ — મો. : ૯૪૨૬૫૭૭૨૧૮




કર્તવ્ય અને વર્તમાન આપણું છે,
ફળ અને ભવિષ્ય ઈશ્વરને હાથ છે.

# મહાવીરનો કર્મવાદ

આપણી સાવ નજદીકની વ્યક્તિઓ જ આપણને વધુ દુઃખ આપતી હોય છે તેનું કારણ શું ? અને તેવે વખતે શું કરવું ?

જેની સાથે સૌથી વધુ પ્રેમ સંબંધ ને સૌથી વધુ દ્વેષ સંબંધ ભોગવવાના બાકી હોય તે જ વ્યક્તિઓ આપણી સૌથી નજદીક આવે છે. બાકી તો દુનિયામાં કરોડો લોકો છે.

લેણદેણનાં સંબંધ વગર કોઈની આંખેય મળતી નથી.

કોણ આપણા મા-બાપ બનશે ?

કોણ સાથીદાર ?

કોણ ભાઈ-બહેન ?

કોણ પુત્ર-પુત્રવધુ ?

કોણ દીકરી-જમાઈ ?

કોણ પાડોશી ?

કોણ સગાં-વહાલાં ?

આ બધું જ આપણે આ સૃષ્ટિમાં જન્મ લેતાં પહેલાં પૂર્વ કૃત કર્મ પ્રમાણે નક્કી થઈ જાય છે.

જ્યારે કોઈ આપણા જ નજદીકના વ્યક્તિઓ આપણને દુઃખ આપતા હોય ત્યારે વિચારવું કે આ મારાં સગાં બન્યા છે તે પણ 'મારા જ કોઈ પૂર્વજન્મના લેણદેણને કારણે' તે આજે મારી સાથે વેર રાખી રહ્યા છે.

તેનું કારણ મારા જીવે પૂર્વજન્મમાં ક્યારેક એ જીવ સાથે વેર બાંધ્યું હશે.

ભલે આજે હું મારી જાતને નિર્દોષ માનતો હોઉં પણ હું ક્યાં જાણું છું કે 'પૂર્વજન્મમાં મેં આનાથી અનેક ઘણું દુઃખ એ જીવને આપ્યું હશે.'

આજે જ્યારે એ જીવ મારી સાથે હિસાબ પૂરો કરવા આવ્યો છે કે મારા જ કૃત્યની મને ભેટ પરત કરવા આવ્યો છે ત્યારે 'હું સમતાભાવે સહર્ષ સ્વીકાર કરું' તો જ આ વેરની ગાંઠ ભેદાશે.

'નહિ તો જન્મોજન્મ ચાલી આવશે.'

ના... ના... મહાવીરનો 'કર્મવાદ' સમજ્યા પછી મારે એનો ગુણાકાર નથી કરવો.

મને આ દુઃખ સમતાભાવે વેઠવાની. હે પ્રભુ... શક્તિ આપ... શક્તિ આપ...

ક્યારેક કોઈ વ્યક્તિ સાથે થોડો વખત સારા સંબંધ છે પછી એ જ વ્યક્તિ દુશ્મન જેવી બની જાય છે ત્યારે સમજવું કે એની સાથે રાગના સંબંધ હતા તે પૂરા થયા. હવે વેરના સંબંધ ચાલુ થવા લાગે છે.

આવે વખતે બે વસ્તુ ધ્યાનમાં રાખવી. રાગના સંબંધ ઉદયમાં હોય 'ત્યારે' ખૂબ ખુશ ન થવું, અહંકાર ન કરવો. 'રાગને ટકાવી રાખવા' કાવાદાવા ન કરવા. નહીં તો રાગના કર્મોના ગુણાકાર થઈ જશે.

'જ્યારે' દ્વેષના કર્મ ઉદયમાં હોય ત્યારે 'અત્યંત દુઃખી દુઃખી ન થઈ જવું, રોકકળ ના કરવી.'

બંને સંબંધો સમતાભાવે વેઠવા. વિચારવું કે રાગ પણ કાયમ રહેવાનો નથી. દ્વેષ પણ કાયમ રહેવાનો નથી.

કાચના વાસણા જેવા માનવીના મનનો શું ભરોસો ? દ્વેષના સંબંધ ઉદયમાં હોય ત્યારે વચ્ચે કોઈ ત્રીજી વ્યક્તિએ જ આમ કરાવ્યું એમ વિચારી કોઈના પણ પ્રત્યે દ્વેષના સંસ્કાર નાખશો નહિ.

ત્રીજી વ્યક્તિને તો હંમેશા નિમિત્ત તરીકે જ જોજો. નિમિત્તને બચકાં ભરવા નહીં જતાં.

મારા નસીબમાં આમ બનવાનું જ હતું. માટે જ આ વ્યક્તિ આમાં નિમિત્ત બની છે એમ વિચારીને જે બન્યું છે તે બધું સ્વીકાર. હસતે મોઢે સ્વીકાર.

આવી વખતે મહાપુરુષોના જીવનને યાદ કરવું.

ખુદ મહાવીર ભગવાનને એમના 'દીકરી જમાઈ જ તેમની વિરુદ્ધમાં હતા' તો શું મહાવીરે તેમના પર રોષ કર્યો ?

જો રોષ કર્યો હોત તો તે મહાવીર બની શકત ?

તમારા નજીકના સગાંને જ તમને ખરાબ ચિતરવામાં બહુ રસ હોય છે. દૂરના ને તો શું પડી હોય.

'પાર્શ્વનાથ ભગવાન'ને એમના સગા ભાઈનો જીવ આઠ-આઠ ભવ સુધી તેમને મારવાવાળો બન્યો.

ગાંધીજીને આખી દુનિયા માન આપે છે તેમનો 'ખુદનો દીકરો' જ તેમના વિરુદ્ધમાં હતો.

'ઈસુ ખ્રિસ્ત'ને ખીલા ઠોકવાવાળા એમના જ માણસો હતા.

આ બધાનો વિચાર કરી મનને સમજાવવું કે કસોટી તો સોનાની જ હોય. પિત્તળની ના હોય. અગર હું પિત્તળની કક્ષામાં છું તો મારે મારી ભૂલો સુધારી સોનાની કક્ષામાં આવવું.

જો હું સોનાની કક્ષામાં છું તો 'જાતને' ભગવાનને ભરોસે છોડી દેવી.

આ જીવ કરોડો વર્ષોના સંસ્કાર સાથે લઈને આવ્યો છે તે કારણે કદાચ તે 'વ્યક્તિ' ઉપર કે 'નિમિત્ત' ઉપર ખૂબ દુઃખ કે દ્વેષ પણ થઈ જાય. છતાં બને તેટલા જલ્દી ભાનમાં આવી જઈ 'હૃદયથી દુશ્મનની પણ ક્ષમા માંગી લેવી.'

'બને તેટલું આત્મભાવમાં લીન થવું' તેથી કર્મ વેઠાશે.

સંકલન : લલિત ડી. શાહ


જેની જીભમાં અમી તેને દુનિયા નમી.
શાહ જયસુખલાલ ધોળાભાઈ (પાળીયાદવાળા)
ગુજરાત મશીનરી કું.
મુમતાજ મહલ બિલ્ડિંગ, પેટ્રોલ પંપ સામે,
ઝકરીયા મસ્જિદ, રિલીફ રોડ, અમદાવાદ.
ડિસ્ટ્રિબ્યુટર્સ : HONDA જનસેટ એન્ડ પંપ સેટ
કન્સ્ટ્રક્શન મશીનરી એન્ડ સ્પેર્સ
ફોન : ૨૨૧૬૯૬૪૨, ૨૨૧૭૦૯૫૪
ધવલ જે. શાહ - મો. : ૯૮૨૪૦૩૭૩૨૦
નેહલ જે. શાહ - મો. : ૯૮૨૫૧ ૭૫૬૦૦

આપણું "મૃત્યુ" નિશ્ચિંત છે, પણ સમય નક્કી નથી.
LIC
આપણા સહારે જીવન જીવનારને
આપણી ગેરહાજરીમાં પણ સહારો આપીએ
સુરક્ષાના પગલે પગલે......
લાઇફ ઇન્સ્યુરન્સના તેમજ જનરલ
ICICI ઇન્સ્યુરન્સના કોઈ પણ કામકાજ માટે
● મ્યુચ્યુઅલ ફંડના વિક્રેતા
નીપા પી. ગાંધી : તૃષ્ણા એચ. ગાંધી
જી-૪૧, હરિઓમ પાર્ક સોસાયટી, જય અંબે નગર રોડ,
ઘોસા સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
(રહે.) ૨૬૮૫૨૪૮૫ મો. : ૯૪૨૮૨૯૨૦૮૨
E-mail : hjgandhi@redifmail.com

ભૂપેન્દ્ર વી. શાહ ફોન : ૨૫૩૫૫૯૭૧,૨૫૩૩૦૮૬૬
મો. : ૯૮૭૯૧ ૫૭૪૭૨
૯૭૧૪૧ ૩૫૯૪૦
Maruti
જયશ્રી બાલા હનુમાન સ્ટોર્સ
શ્રી મારુતિ હનુમાન સ્ટોર્સ
SHREE MARUTI HANUMAN STORES
Mfg. Wholeseller in :
નોટબુક, ફૂલસ્કેપ, પરીક્ષા પેપર,
એકાઉન્ટ બુક, લેમિનેશન બ્રાઉન પેપર
દોશીવાડાની પોળના નાકે, ટંકશાળ રોડ,
કાળુપુર, અમદાવાદ-૧




ખરેખર તો ભવિષ્ય હોતું જ નથી.
આપણે નિર્માણ કરવાનું છે.

## રાવણ બનવું પણ ક્યાં સહેલું હતું ?

રાવણમાં અહંકાર હતો તો
પ્રાયશ્ચિત પણ હતું.
રાવણમાં વાસના હતી. તો
સંયમ પણ હતો.
રાવણમાં સીતાના અપહરણની તાકાત હતી.
તો પર સ્ત્રીની અનુમતિ વિના સ્પર્શ ના કરવાનો સંકલ્પ પણ હતો.
સીતા જીવિત મળી..
એ શ્રી રામની તાકાત હતી તો
સીતા પવિત્ર મળી...
એ રાવણની મર્યાદા પણ હતી.
હે રામ...
તમારા યુગનો રાવણ તો બહુ સારો હતો.
ભલે દસ ચહેરા હતા.
પણ
બધા બહાર જ હતા... અંદર એક પણ નહીં.

જૈનો સાવધાન !!!

- દશેરાએ રાવણદહનના કાર્યક્રમમાં સહયોગી અને સહભાગી ભુલથી પણ બનાય નહીં.
- શ્રી રાવણજીનો આત્મા આવતી ચોવીશીમાં તીર્થંકર ભગવાન બનવાના છે.
- ભાવિ તીર્થંકરની ભયંકર આશાતના અને વિરાધનાનું નિકાચીત કર્મ આપણા આત્માને ચોંટશે.
- અને ભવાંતરમાં જિનશાસન મળવું દુર્લભ બની જશે.
- સંગમદેવ.. જમાલિમુનિ... ગોશાલક જેવા ઘણા દૃષ્ટાંતોને આપણે શું નથી જાણતા ?
- વર્તમાનમાં સમગ્ર મહત્તમ પ્રજાનું જીવન શ્રી રામજી જેવું તો નહિ પણ શ્રી રાવણજી જેવું પણ નથી જ... એમના જીવન કરતાં પણ ઘણું નીચે અને ગંદું જીવન આપણે હિચકીચાટ વિના મજેથી જીવી રહ્યા છે.
- માટે કોઈપણ જૈનો આવા તીર્થંકરની આશાતના અને વિરાધના થાય તેવા પ્રોગ્રામ કે કાર્યક્રમમાં ભાગીદાર ના બને અને પોતાના આત્માને આ નિકાચિત કર્મથી બચાવે. એ જ અભ્યર્થના...

## અભિનંદન....



સહર્ષ સાથે જણાવવાનું કે સેવાભાવી, ધર્મપ્રેમી, અગ્રગણ્ય શ્રાવક એવા **શ્રી હસમુખભાઈ જાદવજીભાઈ શાહનું** મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તેઓશ્રીએ આપેલ સેવાઓના માનમાં વિશેષ 'સન્માન સમારોહ' આયોજિત કરીને સકલ અમદાવાદના સ્થાનકવાસી શ્રી સંઘોને આમંત્રણ આપીને બહુમાન કરવામાં આવેલ.

૨૦૦૧ના ભુકંપ બાદ અસરગ્રસ્તોને સહાય આપવાના ઉદ્દેશથી આ સંસ્થાની સ્થાપના થયેલ અને ત્યારથી પાયાના પથ્થર તરીકે મુખ્ય આધારસ્તંભ સમ શ્રી હસમુખભાઈ આજદિન સુધી ૨૦ ઉપરાંત વર્ષોથી નિઃસ્વાર્થભાવે જૈન સમાજના ઉત્થાન માટે અવિરતપણે અનમોલ, અમુલ્ય અને અતુલ્ય સેવાઓ આપેલ છે. જેની નોંધ લઈને મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિશેષરૂપે આ આયોજન કરેલ.

આપણા માટે ગૌરવની વાત છે કે તેમના થકી હજારો વિદ્યાર્થીઓ સારું શિક્ષણ પામી શક્યા અને આજે તેઓ સમાજમાં એક અનેરું મોભાનું સ્થાન ધરાવે છે.

શ્રી હસમુખભાઈ મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપનાથી જ આશરે ૧૦ વર્ષ સુધી મંત્રીપદે રહ્યા. તેમની કુનેહ અને કુશળતાથી, 'વિદ્યાદાન મહાદાન' અન્વયે મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટને કરોડો રૂપિયાની રકમ દાન સ્વરૂપે પ્રાપ્ત થયેલ ત્યારબાદ તેઓએ ઉપપ્રમુખ તરીકે ૭ ઉપરાંત વર્ષો સુધી સેવા આપેલ અને છેલ્લા ૩ વર્ષ પ્રમુખશ્રી તરીકે રહીને સુંદર એવી કામગીરી બજાવીને સંસ્થાને ટોચે પહોંચાડીને ટૂંક સમય પહેલા રાજીનામું આપેલ.

તેઓશ્રી અનેક ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓ, સંઘો, પાંજરાપોળ વિગેરેમાં જોડાઈને ઘણા લાંબા વર્ષોથી તન-મન-ધનથી સમાજ, સંઘ અને શાસનની ઉત્તમ સેવા કરી રહ્યા છે.

પ્રભુ તેમનું સ્વાસ્થ્ય સારું રાખે અને તેમના અનુભવના નિચોડ થકી સંઘને અને સમાજને જરૂરી માર્ગદર્શન આપતા રહે તેવી ભાવના ભાવીએ છીએ.

પ્રેષક : જય શાહ (માનદમંત્રી, નવરંગપુરા સંઘ)

મનપસંદ મેરેજ બ્યુરો
જૈન તથા ઉચ્ચજ્ઞાતી
વેલ એજ્યુકેટેડ - વેલ સેટલ્ડ યુવક
યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક,
મીટીંગની અલગ વ્યવસ્થા, સફળ યુવા મેળા
ના આયોજક રજીસ્ટ્રેશન માટે :-
૩૦૧, શુકન કોમ્પ્લેક્ષ, ઓફ સી.જી. રોડ,
જૈન ડેરી સામે, ફેરડીલ હાઈસની બાજુમાં,
સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ
Ph. : 26466208/9, 9376163226, 9375809340
Email : smita@manpasandjodi.com
Website : www.manpasandjodi.com

9427520136 9327007721
DIPALI SANGHAVI PARAG SANGHAVI
ફેશન ડીઝાઈનીંગ, સ્ટીચીંગ
ઓર્ડરથી હેવી ચણીયા ચોળી
૩૦૦-૩૫૦૦ ડ્રેસ મટીરીયલ્સ, કુર્તી
૧૫, અંબિકાદેવી સોસાયટી, વિ.૨, કિરણપાર્ક રોડ,
પાણીની ટાંકી સામે, સંઘવી હાઈસ્કૂલ રેલ્વે ક્રોસીંગ પાસે,
નારણપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૭૫૫૯૪૫૮

મો. : ૯૮૨૪૨ ૮૯૯૬૭
નવકાર કલીનીક
ડૉ. અમીત કે. દોશી (બોટાદવાળા)
B.H.M.S.
General Physician
૬૨/૭૭૭, ચિત્રકુટ એપાર્ટમેન્ટ, પેટ્રોલ પમ્પ સામે,
સોલા રોડ, અમદાવાદ - ૬૩.
E-mail : navkarclinic@gmail.com
સમય : સવારે ૮-૩૦ થી ૧-૩૦ • સાંજે ૫-૦૦ થી ૮-૩૦ • રવિવાર સવારે ૯-૦૦ થી ૧૨-૦૦
જ્ઞાતીબંધુ તથા જરૂરીયાતમંદોને રાહતદરે સારવાર આપવામાં આવશે.
શુભેચ્છક : વૈદ્ય કીશોરભાઈ ત્રંબકલાલ દોશી, બોટાદ



દરેક પરિસ્થિતિની પ્રત્યેક ક્ષણ અમૂલ્ય છે,
કારણ કે તે સંપૂર્ણ અનંતતાનું પ્રતિનિધિત્વ કરે છે.

# Branded Item

જેમ જેમ હું મોટો થતો ગયો તેમ તેમ હું સમજી ગયો કે જો હું રૂા. ૩૦૦ની ઘડિયાળ પહેરું કે રૂા. ૩૦,૦૦૦ની, બંને સમય તો સમાન બતાવશે.

મારી પાસે રૂા. ૩૦૦ની બેગ હોય અથવા રૂા. ૩૦,૦૦૦ની તેની અંદરની વસ્તુઓ કે સામગ્રીમાં કોઈ ફેરફાર થશે નહીં.

હું ૩૦૦ વારના ઘરમાં રહું છું કે ૩૦૦૦ વારના ઘરમાં, એકલતાનો અહેસાસ સરખો જ હશે.

અંતે મને એ પણ ખબર પડી કે જો હું બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરું કે ઇકોનોમી ક્લાસમાં મુસાફરી કરું, મારા મુકામ પર તો તે જ નક્કી સમય પર પહોંચીશ.

એટલા માટે તમારા બાળકોને ખૂબ સમૃદ્ધ કે સુખી બનવા માટે પ્રોત્સાહિત કરશો નહીં પરંતુ તેમને કેવી રીતે ખુશ રહેવું તે શીખવો અને જ્યારે તેઓ મોટા થાય ત્યારે વસ્તુઓનું મહત્ત્વ જુએ, તેમની કિંમત નહીં.

ફ્રાંસના એક વાણિજ્ય મંત્રીનું કહેવું હતું કે :

બ્રાન્ડેડ વસ્તુઓ વેપાર જગતનું સૌથી મોટું જૂઠાણું છે, જેનો સાચો હેતુ ધનિકોના ખિસ્સામાંથી પૈસા કઢાવવાનો છે, પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો એનાથી ખૂબ પ્રભાવિત થાય છે.

શું તે જરૂરી છે કે હું આઈફોન હંમેશા સાથે લઈ ફરું, જેથી લોકો મને સમજદાર અને બુદ્ધિશાળી માને ??

શું તે જરૂરી છે કે હું રોજ Mac'd અથવા KFC પર ખાઉં જેથી લોકોને એવું ન લાગે કે હું કંજુસ છું ?

શું તે જરૂરી છે કે હું દરરોજ ડાઉનટાઉન કાફેની મુલાકાત લઈને મિત્રો સાથે બેસું, જેથી લોકો સમજે કે હું એક ઉમા પરિવારમાંથી છું ??

શું તે જરૂરી છે કે હું Gucci ગૂચી, Lacoste લેકોસ્ટે, Adidas એડિડાસ અથવા Nike નાઇકી પહેરું જેથી લોકો મને high status નો કહે ?

શું જરૂરી છે કે હું દરેક બાબતમાં બે કે ચાર અંગ્રેજી શબ્દોનો બોલવામાં સમાવેશ કરું જેથી મને સંસ્કારી કહી શકાય ??

શું એ જરૂરી છે કે હું એડેલે કે રીહાન્નાને સાંભળીને સાબિત કરું કે હું મોટો થયો છું ??

ના મિત્રો !!

મારા કપડા સામાન્ય દુકાનોમાંથી ખરીદવામાં આવે છે.

હું પણ મિત્રો સાથે ઢાબા પર બેસી જાઉં છું.

જો તમને ભૂખ લાગે તો લારી કે રેકડીમાંથી ખાવાનું લેવામાં પણ કોઈ તેને અપમાન માનતું નથી.

હું મારી સરળ ભાષામાં બોલું છું.

જો હું ઈચ્છું તો ઉપર લખેલું બધું કરી શકું છું.

મેં એવા લોકોને પણ જોયા છે કે જેઓ બ્રાન્ડેડ જૂતાની જોડીના ખર્ચ જેટલા રૂપિયામાં આખા અઠવાડિયાનું રાશન મેળવી શકે છે.

મેં એવા પરિવારો પણ જોયા છે કે જેઓ મેકડોનાલ્ડના બર્ગરના ખર્ચમાં આખા ઘરનો એક દિવસનો ખોરાક રાંધી શકે છે.

મને હવે સમજાયું કે ખૂબ બધા રૂપિયા જ સર્વસ્વ નથી. રૂપિયા જીવન જીવવા માત્ર જરૂરી છે પણ એકમાત્ર જરૂરિયાત નથી. જેઓ કોઈના બાહ્ય દેખાવ કે સ્થિતિના આધારે કિંમત લગાવે છે. તેમને તરત જ તેમની સારવાર કરાવવી જોઈએ.

માનવીય મૂળનું વાસ્તવિક મૂલ્ય તેની નૈતિકતા, વર્તન, સામાજિકતાની રીત, સહાનુભૂતિ અને ભાઈચારો છે, ના કે તેનો દેખાવ.

એકવાર સૂર્યાસ્ત સમયે, સૂર્યે બધાને પૂછ્યું : 'મારી ગેરહાજરીમાં મારી જગ્યાએ કોણ કામ કરશે ?'

આખી દુનિયામાં મૌન હતું. કોઈની પાસે જવાબ નહોતો. પછી ખૂણામાંથી અવાજ આવ્યો.

એક નાનકડા દીવાએ કહ્યું - 'હું છું ને - હું મારા શ્રેષ્ઠ પ્રયાસ કરીશ.'

તમારા વિચારમાં તાકાત અને તેજ હોવું જોઈએ. તમે નાના કે મોટા હોવ તેનાથી કોઈ ફરક પડતો નથી. તમારી વિચારસરણી મોટી હોવી જોઈએ. તમારા મનની અંદર દીવો પ્રગટાવો અને હંમેશા હસતા રહો.

યાદ રાખો...

વેલ્યૂ તમારી હોવી જોઈએ. સિંહ જ્યાં બેસે તેને સિંહાસન કહેવાય.

JAYESH SHAH
(ESTATE BROKER)
+91 99740 89640
+91 98250 13076
RERA REGISTERED
SHAH ESTATE CONSULTANT
A.E.B.A. (Member) GREAC (Member) CREBIA (Member)
Residential & Commercial Property
Rent | Sale | Purchase
M-13/76, Rupal Park, Opp. Patrakar Colony,
Vijaynagar, Naranpura, Ahmedabad - 380 013.
E-mail : jayeshshah1376@gmail.com

With Best Compliments From
Dhavalbhai Shah
NAVKAR
ENTERPRISE
GODOWN NO. C-3, HIGHWAY ESTATE,
SANAND ROAD, SANAND,
AHMEDABAD - 382210
M. : 9377166466

હર્ષદભાઈ : (M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686
સર્વોદય
૧, વૃંદાવન બિલ્ડીંગ,
આઈ.ડી.બી.આઈ બેંક સામે,
ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ-પર
ફોનઃ (O)27433686 (R)27483721
ફેન્સી સાડીઓ તથા ડ્રેસ મટીરીયલ...
Email: sarvoday3686@gmail.com

# શું શ્રદ્ધા પણ વૈજ્ઞાનિક હોઈ શકે છે ?

શ્રદ્ધાનું નામ પડશે, તો મોડર્ન જનરેશનના માનસપટ પર કદાચ એક એવું ચિત્ર ઉપસી આવશે, કે જે તથ્યહીન, બિનતાર્કિક કે હાસ્યાસ્પદ હશે. પણ જાણીને આશ્ચર્ય થશે કે હવે આવનારું અલ્ટ્રા મોર્ડન જનરેશન 'શ્રદ્ધા'માં મજબૂત શ્રદ્ધા ધરાવતું હશે, આપણા બાપ-દાદાઓની શ્રદ્ધા કરતાં પણ વધુ મજબૂત શ્રદ્ધા અને એનું કારણ એ હશે, કે શ્રદ્ધાના પરિણામોને એ પોતાની નજર સામે જોઈ શકશે અને અનુભવી શકશે. કારણ કે આ વિષયનું વૈજ્ઞાનિક સંશોધન એના કેટલાય માઈલસ્ટોનોને પાર કરી ચૂક્યું છે.

રશિયામાં નેલ્યા માઈખાલોવા નામની એક વ્યક્તિ થઈ ગઈ. એ માત્ર ધ્યાન દ્વારા વસ્તુઓને દૂરથી ગતિમાન કરી શકતી. વસ્તુ છ ફૂટ દૂર હોય. માઈખાલોવા એના પર ધ્યાન કેન્દ્રિત કરે અને તેનાથી તે વસ્તુ તેની તરફ ખેંચાઈ જાય કે હલી જાય. લોહચુંબકવાળી સોય સાધારણ રીતે ઉત્તર-દક્ષિણ રહે છે, પણ માઈખાલોવા તેની દિશા બદલી શકતા, તે પણ દૂરથી જ.

આવા અનેક પ્રયોગો લગભગ ચાલીશ વૈજ્ઞાનિકોની હાજરીમાં પુરવાર કરાયા. જેમનામાં નોબેલ ઈનામ જીતનાર વૈજ્ઞાનિક ડો. વસિલિએવ અને કોમિનિચેવ પણ હતાં. તમામ વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું કે માઈાલોવા જે કરી રહી છે, તે સત્ય હકીકત છે. હવે એવા વિદ્યુત ચુંબકીય યંત્ર વિકસિત થયાં છે. માઈખાલોવા જ્યારે ધ્યાનમાં એકાગ્ર થાય છે, ત્યારે તેનું આભામંડળ સંકોચાઈને એક ધારામાં વહેતું હોય છે, તેનો ગ્રાફ તે યંત્રમાં અંકિત થાય છે. જે વસ્તુ તરફ એ ધ્યાન કેન્દ્રિત કરે છે, તેના તરફ એક લેસર કિરણની જેમ એની શક્તિ તરંગો દ્વારા પ્રસરીને એ વસ્તુને હટાવે છે કે ચુંબકીય આકર્ષણ પેદા કરી પોતાની તરફ ખેંચે છે.

માઈખાલોવા પાસે આનું સ્પષ્ટીકરણ માંગવામાં આવ્યું, ત્યારે તેણે જણાવ્યું કે હું તે વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરીને દંઢ શ્રદ્ધાપૂર્વક એવો ભાવ કરું છું કે તે વસ્તુ મારી તરફ ખેંચાય, તેનાથી તે વસ્તુ મારી તરફ ખેંચાઈ આવે છે. અને હું દંઢ શ્રદ્ધાપૂર્વક એવો ભાવ કરું, કે 'તે વસ્તુ હટી જાય.' તો તે હટી જાય છે.

ધીરુભાઈ અંબાણીની થીયરી એવી હતી કે 'તમે જે જોઈ શકો છો, તેને તમે મેળવી શકો છો.' 'શ્રદ્ધા'ની થીયરી એવી છે કે 'તમે પ્રામાણિકપણે સદ્ભાવપૂર્વક જે વિચારી શકો છો, તે થઈ શકે છે.' ભગવાનની પાસે હાથ જોડીને આંખો બંધ કરીને પ્રશાંત મુખમુદ્રા સાથે શ્રદ્ધામાં ઓગળી જતી કોઈ વ્યક્તિને જોઈને જો કોઈ નાકનું ટેરવું ચડાવે, તો તે ઓર્થોડોક્સ કહેવાય અને જો કોઈ એની સાથે પોતે ય 'શ્રદ્ધા'માં જોડાઈ જાય, તો એ અલ્ટ્રા મોર્ડન કહેવાય. એવા દિવસો હવે બહુ દૂર નથી.

## સંકલ્પનું બળ

એક ઠાકોર હતા. એક વખત મારે તેમની સાથે અફીણ સંબંધી વાતો થઈ. વળી, મને ભાષણ કરવાની કુટેવ. એટલે મેં તેના પર થોડું ભાષણ કર્યું.

તેમણે તે દહાડાથી અફીણ લેવાનું છોડી દીધું, પણ પંદર-વીસ દહાડા થયા પછી તેમના તરફ ગયો ત્યારે તેમણે કહ્યું : 'જોજો, હવેથી કોઈને આવો ઉપદેશ દેતા ! કોઈને મારી નાખશો !'

અને પછી તેમણે આપવીતી સંભળાવવા માંડી :

'તમારા ગયા પછી મને તો ઝાડા થઈ ગયા અને બોલવા ચાલવાના હોશ પણ રહ્યા નહિ, લગભગ બેભાન થઈ ગયો. પછી તો મેં ઈશારો કરીને બૈરાંને બોલાવ્યાં અને ઈશારાથી સમજાવ્યું કે મને અફીણ ખવડાવો. મેં અફીણ ખાધું ત્યારે જ માંડ માંડ જરા હોશ આવ્યા.'

પણ મેં તો ઠાકોરને ઝાટક્યા : 'ભૂપતસિંહ ઠાકોર, અફીણ ખાધા વિના મરી ગયા હોત તો દુનિયામાં તમારા વિના શું ખાટુંમોળું થઈ જવાનું હતું ? ક્ષત્રિય બચ્ચા થઈને ટેક પણ ન પાળી શક્યા, ત્યારે ક્ષત્રિય શાના ? અફીણ જેવી ચીજ પણ તમને હરાવી ગઈ ? તેના વિના તમે મરવા પડ્યા ? તમે તો તમારું ક્ષત્રિયપણું પણ લજવ્યું, ત્યારે હવે તમે જીવતા હો કે મરેલા, બન્ને સરખું જ છે. જો તમે વીર હોત તો જીતત. પણ તમે હાર્યા અને અફીણ જીત્યું.'

આટલું સાંભળતાં જ તેમને તો એટલું પાણી ચડ્યું કે અફીણનો દાબડો ફેંકી દીધો અને થયું પણ એમ કે ન તો તેમને ઝાડા થયા કે ન બેભાન થઈ ગયા કારણ કે, આ વખતે સંકલ્પનું બળ સાથે હતું.

Alkeshkumar Kalpeshkumar
અલ્કેશકુમાર કલ્પેશકુમાર
કાપડના વહેપારી
એસ/૬૯, સિંધી માર્કેટ, રેવડી બજાર, અમદાવાદ-૨
ફોન : ૨૨૧૭૦૪૭૭, ૨૨૧૭૫૮૩૧

એચ.કે. હાઉસ
૧૭, સરકીવાડની પોળ, સારંગપુર દરવાજા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૧ ૧૬૯૭, ૨૨૧૧ ૦૫૦૪

હરજીવનદાસ કસળચંદ શાહ પરિવાર
(પાળીયાદવાળા)
રજનીકાંત શાહ - ૨૬૩૦ ૯૯૭૬
જયંત શાહ - ૨૨૧૧ ૪૧૮૦ અલ્કેશ શાહ - ૨૬૩૦ ૫૩૧૪
અતુલ શાહ - ૨૨૧૪ ૬૭૮૦ કલ્પેશ શાહ - ૨૭૪૫ ૧૯૭૪

(Gandhi & Sons. Excise Consultant)
OJAS SALES
SHARDA INDUSTRIES
MANANSIDDH ENTERPRISE
Dealing in Dyes - Intermediates, E.T.P. Chemicals, Other Chemicals
YASHVI CORPORATION • YASHVI PAPER TECH
393/A, Phase-II, Beside Krupa Chemicals, G.I.D.C. Vatva. Ph. : (O) 25830017
Fax : 25832218 (M) 98250 63061
DARSHAN GANDHI (M) 98986 60003
સૌજન્ય : કાંતિલાલ આણંદજી ગાંધી

લેટેસ્ટ ટેકનિકથી કાનની બુટ ચોંટાડવા
• સ્ટીચલેસ (ટાંકા વગર) • પેઇનલેસ
• નહીં પટ્ટી, નહીં ડ્રેસિંગ • માત્ર એક સીટિંગમાં • માત્ર ૧૫ મિનિટમાં જ..
તરત જ બુટ્ટી પહેરાવવામાં આવે છે.
ક્લિનિક : ડૉ. શ્રુતિ જે. કોઠારી
M.B.B.S.
ફેમિલી ફિઝિશિયન
સોમ થી શનિ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ સાંજે ૫-૩૦ થી ૮-૦૦
યુ-૧૮, અક્ષરધામ કોમ્પ્લેક્ષ, પ્રેમચંદનગર પાસે, જજીસ બંગલો રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ. ફોન : ૨૬૭૬૫૮૮૫
અન્ય સવલતો : રસી કેન્દ્ર, ગાયનેક તપાસ, ડાયટરી ક્લિનિક, સ્ટરિલાઇઝ્ડ પેઇનલેસ ટેકનીકથી નાક-કાન વિંધાવવા, બેલી પિયરસીંગ, ફેમિલી ફિઝિશિયન, LIC પેનલ ડૉક્ટર



મધુર વાણી જ જપ છે અને
મધુર વાણી જ તપ છે.

## સ્વાદનો ત્યાગ

મહારાજા યુધિષ્ઠિરે રાજસૂર્ય યજ્ઞ આરંભ્યો ત્યારે શ્રીકૃષ્ણને તેમણે પૂછ્યું કે મારો યજ્ઞ પૂરો થયો છે એમ હું ક્યારે સમજું ?

શ્રીકૃષ્ણે જવાબ આપ્યો : 'આ પાંચજન્ય નામનો મારો શંખ સ્વયં વાગે ત્યારે યજ્ઞ પૂરો થયો જાણવો.' યજ્ઞ પૂરો થયો છતાં શંખ ન વાગ્યો ત્યારે યુધિષ્ઠિરે પૂછ્યું, કે શંખ કેમ ન વાગ્યો ?

શ્રીકૃષ્ણ બોલ્યા : 'નગરમાં જુઓ, કોઈ ભક્ત ભૂખ્યો હશે. નગરમાં તપાસ કરતાં એક હરિજન આત્મરામી પોતાને ઘેર બેઠો હતો. તે યુધિષ્ઠિરને ત્યાં આવ્યો ન હતો. જેણે ચૌદ ભુવનના નાથનું શરણ લીધું છે, તેવા તે હરિજનને જમવા આવવાની પડી નહોતી. યુધિષ્ઠિરે આદર સાથે તે હરિજનને બોલાવ્યો.

દ્રૌપદીએ જાતે બનાવેલી રસોઈ તેને પીરસવામાં આવી. હરિજને એક એક કોળિયો અલગ કરી ઈશ્વરને અર્પણ કર્યા અને પછી બધું ભેગું કરીને તે ખાઈ ગયો ! આ જોઈ દ્રૌપદીને ગ્લાનિ થઈ. તેણે મનોમન વિચાર્યું : 'આખરે તો હરિજનને ! તે રસોઈના સ્વાદને શું જાણે ?' આથી શંખ થોડો વાગી બંધ થઈ ગયો ત્યારે પુનઃ પૂછવામાં આવતાં શ્રીકૃષ્ણે કહ્યું : 'તમે ભક્તને સત્કારથી નથી જમાડ્યો. તમારા મનમાં ભક્ત તરફ ધૃણાની ભાવના પેદા થઈ હતી એટલે પરિણામ પણ એવું જ આવ્યું છે.'

નિખાલસ હૃદયનાં દ્રૌપદી હરિજન પાસે ગયાં, તેમની માફી માગી અને ભેગું કરી જમવાનું કારણ પૂછ્યું. ત્યારે આત્મરામ સંતે કહ્યું, 'અન્ન છે તે શરીરને પોષવા માટે છે. ઇન્દ્રિયોને ઉન્મત્ત બનાવવા માટે નથી. સ્વાદથી જમવાને લીધે જિહ્‌વાસ્વાદ વધે છે. બધી ઇન્દ્રિયોમાં રસેન્દ્રિય ખતરનાક છે. સ્વાદના ચટકા, ધ્યાન અને ભક્તિમાં રૂકાવટ કરનાર હોવાથી મેં તેને ત્યાગ્યા છે.'

આ વચનો સાંભળી દ્રૌપદી પ્રસન્ન થઈ તેને વંદન કરવા લાગી. ત્યારબાદ મંગળ ચિહ્નરૂપે પાંચજન્ય શંખ વાગી રહ્યો !

જુના અને જાણીતા જૈન વિનુભાઈ લીંબડીવાળાનું પ્રખ્યાત

**કાળા તલનું કચરીયું**

લીંબડી અને સુરેન્દ્રનગરમાં પણ મળશે.

**SINCE 1980**

**શેઠ કિંજલકુમાર વિનુભાઈ**

બાહેલાપરા, ચબુતરા પાસે, લીંબડી - ૩૬૩૪૨૧.
મો. : ૯૮૬૭૦૮૭૩૫૪, ૯૯૬૭૦૮૭૩૫૪

**શેઠ કિંજલકુમાર વિનુભાઈ**

શોપ નં. ૩-૪, શ્રીજી કોમ્પલેક્ષ, શ્રી ઝાલાવાડ ક્ષત્રીય સમાજહોલની નીચે, યુરોકીડ્સ સ્કૂલની બાજુમાં, જીનતાન રોડ, મહાવીર સ્વામી દેરાસરની બાજુમાં, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨. મો. : ૯૮૯૨૯૨૭૩૪૧, ૯૮૯૨૯૨૭૩૪૪

નોંધ : બહારગામ માટે કુરીયર સર્વિસ મળશે.
કાળા તલનું તેલ ૧૫ કિલો મળશે.
★ચિક્કી, કાળા તલ, સફેદ તલ, સીંગની પેકીંગમાં મળશે.

**"Knowing others is intelligence;
knowing yourself is true wisdom.
Mastering others is strength;
mastering yourself is true power."**
- Lao Tzu, Tao Te Ching

ધન કરતાં ધર્મ કિંમતી છે, ધન એક ભવ પુરતું છે. ધર્મ તો ભવોભવનો તારક છે, દ્રષ્ટિ બદલાશે, તો દિશા બદલાશે.
PRAVINBHAI J. BARBHAYA : 9427907933
VIRANG : 9825010919 BRIJESH : 9016450264

**VIRANG ENTERPRISE**

TATA mahindra FORCE EICHER SWARAJ MAZDA

BUS BODY ITEMS & AUTOMOBILE COMPONENTS
STOCKIST IN : ALL AUTOMOBILE FIBER PRODUCTS
SALES OFFICE : 26, Celler, India Estate, B/h. Relief Hotel, Sanand Road, Sarkhej, Ahmedabad. Phone : 079-26891087

॥ શ્રી જિનેન્દ્રાય નમઃ ॥
DIAL : (079) 26580863
Four Colour
Design
Bill Book
Letter pad etc.


**SIDDHARTH PRINTERY**


LL.13, Harekrishna Complex,
Opp. Kothawala Flats, Pritamnagar,
Ellisbridge, Ahmedabad - 6.



જો તમે એકવાર બોલતાં પહેલાં બે વાર વિચારશો
તો તમે સારું જ બોલશો.


21 DAYS TRANSFORMATION CHALLENGE
• COMPLETE EBOOK
• FITNESS SESSIONS
• HEALTH & WELLNESS TALK
• PRIVATE FACE BOOK GROUP
• PRIVATE WHATS APP GROUP
• HEALTHY COOKING SESSION
• LOT OF REWARDS
• BENEFIT PROGRAM
WEIGHT LOSS
Hunger & Muscle Starvation
• Decreased Fitness
• Decreased strength
• Poor performance
• Early aging
• Reduced immunity
FAT LOSS
Satiety, Muscle Gain & Fat Loss
• Increased fitness
• Greater strength
• Peak performance
• Dealyed aging
• Reduced disease risk


Our Transformation journey of Fat to Fit is amazing..
Result may vary from person to person
Here You will find solutions For
• Lose Weight & Look Great.
• Gain Weight & Build Muscle.
• Balance Nutritious meal/Breakfast
• New Mom care
• Feel energetic and remain active throughout the day
• Sleep better in night
• Reasons for Mood Swing, Depression & Anxiety
• Improve your skin & look younger
• Improve digestive health
• Improve your immunity with the help of nutrition
• Healthy heart and joint
• Balance protein rich meal for Children
WELLNES COUCH
Mayuri Desai
94276 26224
Nirav Desai
99799 32624


A Complete Security & IT Solution Provider
Infrasoul Techserve Pvt. Ltd.
Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com
HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat
Biometric Solutions
Intrusion Alarm System
Public Addressing
Fire Alarm System
Automation
Video Surveillance
Infrasoul
Video Door Phone
Complete Network Solutions
EPABX
FTTH
Video Conferencing
Gates & Parking Automation
Solar Based Solutions
GPS Tracking
Associate Companies
Sanghvi Consultancy| Providing all Types of Insurance Solutions
Sanghvi Infotech Pvt Ltd.| A Complete IT and Networking company

# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | Duke |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Sherry | Dare |
| Cool Babes | Curve T-shirts |
| One 8 Socks | Grey Leaf |

**Milan Shah** (Managing Director)
Cell: +91 92272 58500

# Webplus INFOTECH

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

MySQL · WordPress · iOS · Joomla! · .NET · Java

**WEBPLUS INFOTECH PVT. LTD.**
H-310, Titanium City Center, Next to Sachin Tower, Beside IOC Petrol Pump, Satellite, Ahmedabad - 380051 Gujarat (INDIA)
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net **Website: www.webplusinfotech.net**

DHOLAKIA STUDIO


# DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

**New Attractions**
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

## EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY

SAMANTAR
SALES AND SERVICES PVT. LTD.




# SAMANTAR SALES AND SERVICES PVT. LTD.

FF-7, Saransh Ambience, Opp. Pujan Flat, Nr. Jivraj Hospital, Vasna,
Ahmedabad - 380 007. Mobile : 9898031812
E-mail : info@samantarsalesservices.com • Web : www.samantarsalesservices.com

**HVAC SOLUTION PROVIDER FOR RESIDENTIAL / COMMERCIAL / FOOD / PHARMA / INDUSTRY**

Carrier TOSHIBA DAIKIN Panasonic MITSUBISHI GENERAL

# ભૂલકાં ચિલ્ડ્રન હોસ્પિટલ



- બાળરોગ અને નવજાત શિશુના નિષ્ણાંત
- રસીકરણ કેન્દ્ર
- જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોની સારવાર

**ડો. અપૂર્વ એન. સંઘવી**
એમ.ડી.ડી.પેડ.

TIME: 10:00 AM to 11:00 AM
5:30 PM to 8:30 PM

602, JP 12th બિઝનેસ હબ, રાજ સ્ટેશનર્સની સામે, કોટક બેન્કની ઉપર,
નહેરુનગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ Contact No. 98250 96984, 82000 42397

CA Yesha Doshi

**Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan**

# Yesha Doshi
## & Associates

**Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return**

401, Olive Arcade, Opp. Samudra Complex, Nr. Girish Cold Drinks Cross Road, off C.G. Road, Navarangpura, Ahmedabad - 380009.
9429620317 doshi.financeassociates@gmail.com




A Place Where People Trust
**RAJENDRA A.**
**JEWELLERS PVT. LTD.**
Gold, Diamond & Silver Antique Jewellery
(Govt. Approved Valuer)

6 - G Floor, 103 - 1st Floor, National Plaza,
C.G. Road, Opp. Lal Bungalow, Ahmedabad-380009.
Phone : 26560670, 26560671

Published On 18th of Every Month & Permitted to post at Ahd. PSO on 18'th E/M Valid up to 31-12-2023

નવેમ્બર - ૨૦૨૧ પાના નં. ૪૮ R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2021-2023


SMART™ TOTAL KNEE REPLACEMENT WITH ABC™ TECHNIQUE



**ડૉ. અમીર સંઘવી**

ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન

જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.

+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120

## અત્યાધુનિક હાઈપરફોર્મન્સ સાંધાઓ સાથે

- આપ પલાઠી વાળી બેસી શકશો
- કુદરતી ઘૂંટણ જેવો અનુભવ
- ની જોઈન્ટનું લાંબુ આયુષ્ય



એપોઈન્ટમેન્ટ માટે કોલ કરો
**+91 95744 45559**

Shree Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

**KD HOSPITAL**
Near Vaishnavdevi Circle, SG Road, Ahmedabad.
Email : shreeorthocare@gmail.com • Website : www.shreeorthocare.com


પ્રેષક : If undelivered to return to    Reg. No. GUJ-314/2021-2023    Valid up to 31-12-2023

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**

''શાન્તમ્'', પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી, ______________________